# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

બેઠક ક્રમ-૧/૨૦૧૪

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## નાણાસમિતિની બેઠક

તા.૧૭/૦૪/૨૦૧૪ સમય:૧૦:૩૦ કલાક

સ્થળ: ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

નાણાસમિતિની બેઠક

તા.૧૭/૦૪/૨૦૧૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની નાણાસમિતિની પ્રથમ બેઠક મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૭/૦૪/૨૦૧૪ને ગુરુવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની ઉપસ્થિતિ અને અનુપસ્થિતિ નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧) મા.કુલપતિશ્રી હર્ષદભાઇ શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨) મા.શ્રી અમિત આઇ. જાની. (રજિસ્ટ્રારશ્રી (I/C)) | સભ્યશ્રી | હાજર |
| ૩) મા.શ્રી મેહુલભાઇ વ્યાસ (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસરશ્રી(I/C)) | સભ્યશ્રી | હાજર |
| ૪) મા.શ્રી ડૉ.ધનશ્યામભાઇ રાવલ | સભ્યશ્રી | હાજર |
| ૫) મા.શ્રી પ્રો અરુણભાઇ દવે | સભ્યશ્રી | હાજર |

આ સાથે નાણાસમિતિની બેઠકની કાર્યવાહી નોંધ(મિનિટ્સ) સામેલ છે.

નાણાસમિતિની બેઠક

તા.૧૭/૦૪/૨૦૧૪

# નાણાસમિતિની કાર્યવાહી

બાબત ક્રમાંકઃ૧- યુનિવર્સિટીએ બૅંક ઓફ ઇન્ડિયા અને કેનેરા બૅંકમાં નિશ્ચિત મુદત માટે જુદા-જુદા વ્યાજદરે કુલ ૧૬ કરોડ રૂપિયાની ૭ બાંધી મુદતની થાપણો રજિસ્ટ્રારશ્રી તથા નાણાં અને હિસાબી અધિકારીશ્રીની સંયુક્ત સહીથી મુકેલી છે તે બાબત.

ઠરાવ ક્રમાંક-૧ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે

યુનિવર્સિટીએ બૅંક ઓફ ઇન્ડિયા અને કેનેરા બૅંકમાં નિશ્ચિત મુદત માટે જુદા-જુદા વ્યાજ દરે કુલ ૧૬ કરોડ રૂપિયાની ૭ બાંધી મુદતની થાપણો રજિસ્ટ્રારશ્રી તથા નાણાં અને હિસાબી અધિકારીશ્રીની સંયુક્ત સહીથી મૂકેલી છે તેને બહાલી આપવા ભલામણ કરવામાં આવે છે. તેમ જ વખતો-વખત ઉપલબ્ધ ફાજલ ફંડ અનુકૂળતા પ્રમાણે ફિક્સ ડિપોઝીટ રાષ્ટ્રીયકૃત બૅંકમાં થાપણ તરીકે કાર્યકારી રજિસ્ટ્રારશ્રી તથા કાર્યકારી નાણાં અને હિસાબી અધિકારીશ્રીની સંયુક્ત સહીથી મૂકવા ભલામણ કરવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૨- : અગાઉના આયોજન મુજબ મા.કુલપતિશ્રીની સૂચનાથી તા.૨૧/૦૫/૨૦૧૪ થી તા.૩૧/૦૫/૨૦૧૪ દરમિયાન રાજ્યકક્ષાએ યોજાનાર બાલોત્સવ-૨૦૧૪માં ભાગ લેનારા ૩૦૦ થી ૩૫૦ બાળકોનો અંદાજિત ખર્ચ રૂા.૧૭,૫૦,૦૦૦/- મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક-૨ તા.૨૧/૦૫/૨૦૧૪ થી તા.૩૧/૦૫/૨૦૧૪ દરમિયાન રાજ્યકક્ષાએ યોજાનાર બાલોત્સવ-૨૦૧૪માં ભાગ લેનારા ૩૦૦ થી ૩૫૦ બાળકોનો અંદાજિત ખર્ચ

રૂા.૧૭,૫૦,૦૦૦/- મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે. કાર્યક્રમના ખર્ચ સંદર્ભે યોગ્ય નિર્ણય લેવા માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૩- : ઓડિટ રિપોર્ટ વર્ષઃ-૨૦૧૧-૧૨ અને વર્ષઃ-૨૦૧૨-૧૩ને બહાલી આપવા બાબત.

ઠરાવ ક્રમાંક-૩ ઓડિટ રિપોર્ટ વર્ષઃ-૨૦૧૧-૧૨ અને વર્ષઃ-૨૦૧૨-૧૩ને બહાલી આપવા માટે ભલામણ કરવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૪- : આંતરિક ઓડિટરની નિમણૂક કરવા બાબત.

ઠરાવ ક્રમાંક-૪ વર્ષઃ ૨૦૧૨-૧૩ માટેના આંતરિક ઓડિટરની યુનિવર્સિટીના વર્ષઃ૨૦૧૩-૧૪ના આંતરિક ઓડિટ કરવા માટેની સેવાઓ લેવા ભલામણ કરવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૫- : સેમિનાર/મીટિંગ/કોન્ફરન્સ/મુલાકાત લેતા તજ્જ્ઞો/હોદ્દેદારોને ચૂકવણી કરવા માટેના ટી.એ./ડી.એ.ના પત્રકનો નમૂનો મંજૂર કરવા બાબત. તેમ જ રોજમદાર અને કરાર આધારિત કર્મચારીઓ ૮ કલાક કરતાં વધારે સમય હેડક્વાર્ટર છોડીને યુનિવર્સિટીની કામગીરી કરે તો રૂા.૧૦૦ દૈનિક ધોરણે આપવા બાબત.

ઠરાવ ક્રમાંક-૫ પત્રકનો નમૂનો મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે. તેમ જ રોજમદાર અને કરાર આધારિત કર્મચારીઓ ૮ કલાક કરતાં વધારે સમય હેડક્વાર્ટર છોડીને કામગીરી કરે તો નીચે મુજબની નીતિ નક્કી કરવા ભલામણ કરવામાં આવે છે.

અ). ૨ કલાકથી વધુ અને ૪ કલાકથી ઓછા સમયની કામગીરી
- મહેનતાણાના ૨૫ % પ્રમાણે વધારાનું મહેનતાણું ચૂકવવું.

બ). ૪ કલાકથી વધુ અને ૮ કલાકથી ઓછા સમયની કામગીરી

- મહેનતાણાના ૫૦ % પ્રમાણે વધારાનું મહેનતાણું ચૂકવવું.

ક). ૮ કલાક અને તેથી વધુ

- મહેનતાણાના ૧૦૦ % પ્રમાણે વધારાનું મહેનતાણું ચૂકવવું.

ડ). મા.કુલપતિશ્રીની વિશેષ કામગીરી અને કામના કલાકો ધ્યાને લેતાં કુલપતિશ્રીની ગાડીના ડ્રાઇવરની ફરજો ૨૪ કલાક ઑન કોલ હોવાથી તેને રોજમદાર તરીકે દૈનિક રૂા. ૫૪૫/-ના દરથી મહેનતાણું ચૂકવવું. આ કિસ્સામાં ઊપરોક્ત (અ), (બ) અને (ક) ધ્યાને લેવામાં આવશે નહિ.

બાબત ક્રમાંકઃ૬- : યુનિવર્સિટીના નાણાકીય વ્યવહારો અર્થે વિવિધ બેંકોમાં ખોલાવેલા ખાતાઓનાં સંચાલન માટે નીતિ તૈયાર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક-૬ યુનિવર્સિટીના નાણાકીય વ્યવહારો અર્થે વિવિધ બેંકોમાં ખોલાવેલા ખાતાઓના સંચાલન માટે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે.

શૈક્ષણિક સંવર્ગમાંથી બે કર્મચારીશ્રીઓ પૈકી કોઇ એક કર્મચારીશ્રીની સહી અને વહીવટી સંવર્ગ માંથી રજિસ્ટ્રારશ્રી/નાણાં અને હિસાબી અધિકારીશ્રી પૈકી કોઇ પણ એકની સંયુક્ત સહીથી બેંક ખાતાઓનો કારોબાર થઇ શકશે.

બાબત ક્રમાંકઃ૭- : વાહન હંકારનારની સુવિધા અને કચેરી સુવિધા વ્યવસ્થાપનના ટેન્ડર બાબત.

ઠરાવ ક્રમાંક-૭ લોકસભાની ચૂંટણીની આચારસંહિતા હોવાથી આ બાબત પરત લેવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૮- : વાર્ષિક અહેવાલ, વાર્ષિક હિસાબો અને સરવૈયું તૈયાર કરાવવા બાબત.

ઠરાવ ક્રમાંક-૮ વાર્ષિક અહેવાલ બનાવવા માટે મા. કુલપતિશ્રી સમિતિ બનાવી કામગીરી કરી શકશે. વાર્ષિક હિસાબો અને સરવૈયું તૈયાર કરવા માટે હિસાબી શાખા

આંતરિક ઑડિટરશ્રીની સેવાઓ મેળવી કામગીરી કરશે. અધ્યક્ષ સ્થાનેથી બજેટની બાબતની ચર્ચા કરતાં તેની પણ સમિતિ બનાવી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું.

બાબત ક્રમાંક:૯- : જાણ સારૂ.

ડૉ.ઘનશ્યામભાઇ રાવલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીના સહયોગથી યુનિવર્સિટીને વ્યારા જિલ્લાના ઉચ્છલ અને નિઝર તાલુકાના રેમેડિયલ(ઉપચારાત્મક) શિક્ષણનો રૂા. ૨૬,૭૪,૦૦૦/-પ્રોજેક્ટ મળ્યો છે.

ઠરાવ ક્રમાંક-૯ વ્યારા જિલ્લાના ઉચ્છલ અને નિઝર તાલુકાના રેમેડિયલ(ઉપચારાત્મક) શિક્ષણનો રૂા.૨૬,૭૪,૦૦૦/- પ્રોજેક્ટ માટે ડૉ.ઘનશ્યામભાઇ રાવલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીનો આભાર માનવામાં આવે છે.

હાલ આ પ્રોજેક્ટ માટે મળેલુ ૫૦ % અનુદાન રૂા.૧૩,૨૪,૫૦૦/- સ્વીકારવા ભલામણ કરવામાં આવે છે. યુનિવર્સિટીમાં તેનો અલગથી હિસાબ રહી શકે તે માટે અલગ બેંક ખાતું ખોલાવવું તેમ જ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી વ્યક્તિઓ દ્વારા તેનું સંચાલન કરવા ભલામણ કરવામાં આવે છે.

બાબત ક્રમાંક:૧૦- : જાણ સારૂ.

તા.૧૭/૦૧/૨૦૧૪ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બાબત ક્રમાંક-૩ના ઠરાવ પ્રમાણે ફાઇનાન્સને લગતા કામચલાઉ સ્ટેચ્યુટ પરિપત્ર-૧ અને પરિપત્ર-૨ને નાણાસમિતિમાં મૂકવા બાબત.

ઠરાવ ક્રમાંક-૧૦ તા.૧૭/૦૧/૨૦૧૪ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બાબત ક્રમાંક-૩ના ઠરાવ પ્રમાણે ફાઇનાન્સને લગતા કામચલાઉ સ્ટેચ્યુટના નીચે મુજબના સુધારા સાથે પરિપત્ર-૧ અને પરિપત્ર-૨ બહાલ રાખવા ભલામણ કરવામાં આવે છે.

નાણાસમિતિની બેઠક

તા.૧૭/૦૪/૨૦૧૪

(૧) યુનિવર્સિટીના પત્રક્રમાંક ચિયુ/સ્ટેટસ/મિટીંગ/૨૦૧૨ના તા.૦૪/૧૨/૨૦૧૨થી પરિપત્રિત કરેલા પરિપત્ર-૧ ના સૂચિત સુધારા

| ક્રમ | મૂળ જોગવાઇઓ | સુધારેલ જોગવાઇઓ |
|---|---|---|
| ૧. | મુદ્દા.નં-૨<br>એસોસિયેટ પ્રોફેસર તથા તેના ઉપરના ગ્રેડના સભ્યો તેમજ એડવાઈઝરી કમિટિ તથા કમિટિમાંથી નિમાયેલ અન્ય સદસ્યો માટે એર-ટ્રાવેલીંગ તથા કાર એલાઉન્સ મંજૂર કરવાનું રહેશે. | મુદ્દા.નં-૨<br>એસોસિયેટ પ્રોફેસર તથા તેના ઉપરના ગ્રેડના સભ્યો તેમ જ યુનિવર્સિટીની બંધારણીય સમિતિમાં નિમાયેલ અન્ય સદસ્યો માટે એર-ટ્રાવેલીંગ તથા કાર એલાઉન્સ મંજૂર કરવાનું રહેશે.<br>મુદ્દા.નં-૩ (નવી જોગવાઇ)<br>મહાનુભાવો/તજ્જ્ઞ/નિષ્ણાત માટે એર-ટ્રાવેલીંગ તથા કાર એલાઉન્સ મંજૂર કરવાની સત્તા મા.કુલપતિશ્રીની રહેશે. |
| ૨. | મહાનુભાવો/તજ્જ્ઞ/નિષ્ણાત માટે પુરસ્કાર<br>મુદ્દા.નં-૩<br>એડવાઈઝરી કમિટિના સદસ્યોને રૂ. ૩,૦૦૦ પ્રતિદિન મુજબ પુરસ્કાર મળવાપાત્ર છે. | મુદ્દા.નં-૩ને રદ કરવામાં આવે છે. |
| ૩. | કચેરીના કર્મચારીશ્રીઓ માટેનું ટ્રાવેલીંગ/ પુરસ્કાર એલાઉન્સ :<br>(૧) કચેરીના કામ અર્થે કર્મચારી મુસાફરી કરે તો ભોજન ખર્ચ રૂ. ૩૦૦ તેમ જ ડીએ ભથ્થું રૂ. ૩૦૦ મુજબ કુલ રૂ. ૬૦૦ પ્રમાણે પ્રતિદિન સક્ષમ અધિકારીની મંજૂરીથી ચુકવી શકાશે. સરકારી નિવાસ (સર્કિટ હાઉસ)માં રહે તો પૂરા પૈસા ચૂકવવા.<br>(૨) કચેરીની કામગીરી સારું મુખ્ય મથક બહારના કોઈ પણ પ્રકારની બેઠક, કાર્યશાળા, તાલીમ વગેરે માટે રૂ. ૧૦૦ મહેનતાણું ભથ્થું ચૂકવવામાં આવશે. | કચેરીના પ્રતિનિયુક્તિ પરના કર્મચારીઓને ટી.એ./ડી.એ ચૂકવવા બાબત :<br>➢ કચેરીના કર્મચારીશ્રીઓ માટેનું ટ્રાવેલીંગ/ પુરસ્કાર એલાઉન્સની મૂળ જોગવાઇઓ રદ કરેલ છે.<br>➢ પ્રતિનિયુક્તિ પરના કર્મચારીઓ માટે સરકારશ્રીના નાણા વિભાગના તા.૦૩/૧૦/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક પીજીઆર/૧૦૦૯/૧૧/પે સ્કેલ (ચ)ની તેમજ પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ ટી.એ/ડી.એ. મળવા પાત્ર રહેશે. |

| | | |
|---|---|---|
| | (૩) કર્મચારીઓને શિબિર કે કાર્યશાળામાં વિષય નિષ્ણાત કે તજ્જ્ઞ તરીકેની કામગીરી કરવા રૂ. ૨૦૦ મુજબ પ્રતિદિન માટે પુરસ્કાર આપી શકાશે.<br>(૪) પ્રતિનિયુક્તિ તેમ જ રીટાયર્ડ પુન:નિયુક્તિને આ કામગીરી બદલ બમણી રકમ આપી શકાશે. | |

(૨) યુનિવર્સટી પત્રક્રમાંક ચિયુ/મિટીંગ/૨૦૧૩/૨૫૦૮ તા.૨૭/૧૧/૨૦૧૩થી પરિપત્રિત કરેલા પરિપત્ર-૨ના સૂચિત સુધારાઃ-

| ક્રમ | મૂળ જોગવાઇઓ | સુધારેલ જોગવાઇઓ |
|---|---|---|
| ૧. | <u>ખરીદી માટેના નિયમો અને સત્તા</u> :<br>(૧) રૂા. ૧ લાખ સુધીની ખરીદી કુલપતિશ્રી કરી શકશે.<br>(૨) રૂા. ૩ લાખ સુધીની ખરીદી ત્રણ કે તેથી વધુ ભાવપત્રકો મેળવી કરી શકાશે.<br>(૩) રૂા. ૩ લાખ થી રૂા. ૫ લાખ સુધીની ખરીદી વર્તમાનપત્રમાં જાહેરાત આપી કરી શકાશે.<br>(૪)રૂા. ૫ લાખથી વધુની ખરીદી માટે ઈ-ટેન્ડરીંગ કરવાનું રહેશે.<br>(૫)રૂા. ૧૦,૦૦૦/- સુધીની ખરીદી રજિસ્ટ્રારશ્રી, ખાસ ફરજ પરના અધિકારીશ્રી, નિયામકશ્રી કરી શકશે.<br>(૬)રૂા. ૫૦૦૦૦/-થી વધુની પુસ્તક ખરીદી માટે ખરીદ સમિતિની ભલામણ ઈચ્છનીય છે. | <u>ખરીદી/સેવા/કામ માટેના નિયમો અને સત્તા</u> :<br>(૧) રૂા. ૧ લાખ સુધીની ખરીદી/સેવા/કામ માટે કુલપતિશ્રીની સત્તા રહેશે.<br>(૨) રૂા. ૧ લાખથી વધુ અને રૂા. ૩ લાખથી ઓછી સુધીની ખરીદી/સેવા/કામ ત્રણ ભાવપત્રક મેળવીને કરી શકાશે.<br>(૩) રૂા. ૩ લાખ અને તેથી વધુ અને રૂા. ૫ લાખ થી ઓછી ખરીદી/ સેવા/કાંમ વર્તમાનપત્રમાં જાહેરાત આપી કરી શકાશે.<br>(૪)રૂા. ૫ લાખ કે તેથી વધુની ખરીદી/સેવા/કામ માટે ઈ- ટેન્ડરીંગ કરવાનું રહેશે.<br>(૫)રૂા. ૧૦,૦૦૦/- સુધીની ખરીદી/સેવા/કામ રજિસ્ટ્રારશ્રી, ખાસ ફરજ પરના અધિકારીશ્રી, નિયામકશ્રીની સત્તા રહેશે.<br>(૬)રૂા. ૫૦૦૦૦/-થી વધુની પુસ્તક ખરીદી/સેવા/કામ માટે ખરીદ સમિતિની ભલામણ ઈચ્છનીય છે.<br>(૭)સરકારી એજન્સી પાસે કરવાની થતી ખરીદી/ સેવા/કામ કામગીરી ભાવપત્રક મેળવ્યા વગર પણ મા.કુલપતિશ્રી કરી શકશે. |

નાણાસમિતિની બેઠક

તા.૧૭/૦૪/૨૦૧૪

બાબત ક્રમાંકઃ૧૧- : જાણ સારૂ.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બાબતક્રમાંક-૪ પ્રમાણે ડૉ.નિકુંજ પટેલ એમનીલ ફાર્માસ્યુટિકલ્સ દ્વારા બાળ વિશ્વવિદ્યાલયને 'તપોવન વિસ્તરણ સેવા' પ્રવૃત્તિ માટે બોલેરો જીપ ખરીદવા માટે અપાયેલું દાન રૂા. ૭,૨૯,૬૯૧/- મા.કુલપતિશ્રીએ બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ- ૨૨(૧)(ગ) મુજબ સ્વીકાર્યું છે.

તદ્ઉપરાંત તા.૨૦/૦૩/૨૦૧૪ના રોજ યોજાયેલા સગર્ભા પ્રશિક્ષણ વર્ગ દરમ્યાન શ્રી કનુભાઇ પટેલ, એમનીલ ફાર્માસ્યુટિકલ્સ દ્વારા તપોવન કેન્દ્રોમાં આપવાના થતા નાસ્તા માટે રૂા.૫,૦૦,૦૦૦/-નું દાન આપ્યું છે.

ઠરાવ ક્રમાંક-૧૧ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બાબત ક્રમાંક-૪ના ઠરાવની સમિતિએ નોંધ લીધી છે તેમ જ શ્રી કનુભાઇ પટેલ પાસેથી મળેલા રૂા.૫,૦૦,૦૦૦/-નું દાન યુનિવર્સિટીએ સ્વીકાર્યું છે તેની નોંધ લઇ દાતાશ્રીનો આભાર માનવામાં આવ્યો.

તારીખઃ ૧૭/૦૪/૨૦૧૪

નાણાં અને હિસાબી અધિકારીશ્રી(I/C)

સ્થળઃ- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

કુલસચિવશ્રી (I/C)